## યુનિવર્સિટી કોર્ટ પરની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત સ્ટેચ્યુટ–૫ (૪) અન્વયે.

**જાહેરાત ક્રમાંક : ૪૧/૨૦૨૨**

યુનિવર્સિટી કોર્ટ પરની સામાન્ય ચૂંટણીઓ અંગે યુનિવર્સિટી કાર્યાલયની તારીખ ૦૩ નવેમ્બર, ૨૦૨૨ના રોજ વર્તમાનપત્રોમાં કરવામાં આવેલ જાહેરાતના અનુસંધાનમાં આથી આ જાહેરાત દવારા જાણ કરવામાં આવે છે કે નીચેના મતદાર વિભાગોની ચૂંટણીઓ તા.૧૬/૧૨/૨૦૨૨ના રોજ યોજવામાં આવનાર છે, જેની વિગતો નીચે મુજબ છે.

**(ક) નોંધાયેલા સ્નાતકો મતદાર વિભાગ : કુલ બેઠક–૦૮**
(૧) વિનયન–૦૧ (૨) વાણિજય–૦૧ (૩) વિજ્ઞાન–૦૧ (૪) શિક્ષણ–૦૧ (૫) કાયદો–૦૧ (૬) તબીબી–૦૧ (૭) ગૃહવિજ્ઞાન અને રૂરલ સ્ટડીઝ–૦૧ (૮) મેનેજમેન્ટ–૦૧

**(ખ) શિક્ષકોનો મતદાર વિભાગ** (જે તે વિધાશાખાઓના અધ્યક્ષો અને કોલેજોના આચાર્યો સિવાય) : **કુલ બેઠક–૧૯** (અ)૧૦ વર્ષ અને તેથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો, કુલ બેઠક–૧૪ પૈકી(૧) વિનયન–૦૫ (૨) શિક્ષણ–૦૧ (૩) વાણિજય–૦૪ (૪) વિજ્ઞાન–૦૩ (૫) કાયદો–૦૧ અને (બ) ૧૦ વર્ષથી નીચેનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો, કુલ બેઠક–૦૫ પૈકી (૧)વિનયન–૦૨ (૨) શિક્ષણ–૦૧ (૩) વાણિજય–૦૧ (૪) વિજ્ઞાન–૦૧

**(ગ) કોલેજોના આચાર્યોનો મતદાર વિભાગઃ કુલ બેઠક–૧૪** પૈકી (૧) વિનયન–૦૫ (૨)શિક્ષણ–૦૨ (૩) વાણિજય – ૦૪ (૪) વિજ્ઞાન–૦૨ (૫) કાયદો–૦૧

**(ઘ) યુનિવર્સિટી અને કોલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનો મતદાર વિભાગઃ બેઠક–૧.**

**(ચ) યુનિવર્સિટી વિસ્તારની કોલેજોના ગર્વનીંગ બોડીઝનો મતદાર વિભાગઃ કુલ બેઠક–૨ .**

૧. લેખીત માંગણી કર્યાથી ઉમેદવારી પત્રો કોઈપણ મતદારને તા.૨૪/૧૧/૨૦૨૨થી આપવામાં આવશે.

૨. ઉપરના બધાજ મતદાર વિભાગો માટે **ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી** તા.૨૮/૧૧/૨૦૨૨ને સમય સાંજના ૪–૦૦ કલાક સુધીનો, **ઉમેદવારીપત્રોની ચકાસણી** તા.૨૯/૧૧/૨૦૨૨ને સમય સાંજના ૪–૩૦ કલાકે અને **ઉમેદવારી પાછી ખેંચવાની** તા.૩૦/૧૧/૨૦૨૨ને સમય સાંજના ૪–૩૦ કલાક સુધીનો છે. જયારે **ચૂંટણીઓ** તા.૧૬/૧૨/૨૦૨૨ને સમય સવારના ૧૧–૦૦ થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી નિયત કરેલાં નીચેના કેન્દ્રો ઉપર યોજવામાં આવશે.

૩. તા.૦૩/૧૧/૨૦૨૨ના રોજ બહાર પાડવામાં આવેલી તથા સ્ટેચ્યુટ–૫ (૩) મુજબ સુધારેલી ઉપર જણાવેલ મતદાર વિભાગોની મતદારયાદીઓમાં જેમના નામો હશે તેઓજ ઉપરોકત જે તે મતદાર વિભાગોની ચૂંટણીઓમાં મતદાન કરી શકશે તથા તેઓ જ ઉમેદવારી કરી શકશે. ઉમેદવારી પત્રોમાં માગેલી પૂર્ણ માહિતી આપવામાં આવી નહી હોય તો તે ઉમેદવારી પત્ર રદ બાતલ થવા પાત્ર બનશે.

૪. સ્ટેચ્યુટ–૧૨ (૨) અન્વયે યુનિવર્સિટી વિસ્તારની કોલેજોના ગર્વનીંગ બોડીઝના પ્રતિનિધિઓની મતદાર યાદી તથા અન્ય તમામ મતદાર વિભાગોની મતદાર યાદીઓ યુનિવર્સિટી કાર્યાલયમાંથી વેચાણથી મળી શકશે.

૫. નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગમાં યુનિવર્સિટી કોર્ટ પરની ચૂંટણી માટે ઉમેદવારી કરતા પહેલાં ઉમેદવારે યુનિવર્સિટી કાર્યાલયમાં રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)ની રકમ અનામત મુકવાની રહેશે. આ અનામતની રકમ રોકડેથી જ ભરી શકશે. અનામત જમા કરાવ્યા સિવાય ઉમેદવારી માન્ય કરી શકાશે નહી.

૬. યુનિવર્સિટી ધારાની કલમ–૭૩ મુજબ ઉપરોકત ચૂંટણીઓ ''પ્રપોર્શનલ રિપ્રેઝન્ટેશન બાય મિન્સ ઓફ એ સિંગલ ટ્રાન્સફરેબલ વોટ'' ની : એકડા–બગડાવાળી : પધ્ધતિ અનુસાર ગુપ્ત મતદાનથી કરવામાં આવશે અને આ મત દર્શાવેલ પધ્ધતિ અનુસારઃ (૧) પ્રત્યેક મતદારને એક સંક્રામ્ય (ટ્રાન્સફરેબલ) મત આપવાનો અધિકાર રહેશે., અને (૨) (અ)જે ઉમેદવાર માટે મત આપવામાં આવે તે ઉમેદવારના નામની સામે મતપત્રકમાં ''૧'' સંખ્યા મતદારે મૂકવી આવશ્યક છે (બ) વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોના નામની સામે ૨,૩,૪,૫ અને તે પછીની સંખ્યા ક્રમાંક પ્રમાણે દર્શાવી શકાશે.

૭. ઉમેદવારીપત્રોની ચકાસણી થયા બાદ જો ચૂંટણીઓમાં હરીફાઈ થતી હશે તો, હરીફ ઉમેદવારો અંગેની ઘટતી જાહેરાત બનતી ત્વરાએ આ યુનિવર્સિટી કાર્યાલયના નોટિસ બોર્ડ ઉપર કરવામાં આવશે.

૮. નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગોની ચૂંટણી બાબતમાં સ્ટેચ્યુટ–૧ની પેટા કલમ–૧૦ મુજબ મતદારને મોકલી આપવામાં આવેલું ઓળખપત્ર મતદાન વખતે આ વિભાગના મતદારો પાસે હોવું આવશ્યક છે. ઓળખપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ તે ઓળખપત્રમાં મતદારે ફોટો શાખ કરાવી પોતાની સહી કરી સાથે લઈ જવાનું રહેશે અને તે રજૂ કર્યેથી જ તેમને મતદાન કરવા દેવામાં આવશે. મતદાન કર્યા બાદ ઓળખપત્ર ચૂંટણી અધિકારી પાસે જમા કરાવવાનું રહેશે.

૯. નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગોના કોઈપણ મતદારોને ઓળખપત્ર કોઈપણ કારણસર ન મળ્યું હોય અગર તે ખોવાઈ ગયું હોય, અગર ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરી ન શકાય એવી રીતે તે બગડી ગયું હોય, તો એ મતલબનું મતદારની પોતાની સહીવાળી તેમજ મેજીસ્ટ્રેટ કે સરકારી ગેઝેટ અધિકારી કે માન્ય માધ્યમિક શાળાના વડાની સહીથી પ્રમાણિત કરેલું નિવેદન કુલસચિવશ્રીને મોડામાં મોડુ તા.૧૨/૧૨/૨૦૨૨ સુધીમાં મળે તે રીતે મોકલવાથી નહી મળેલ, ખોવાઈ ગયેલા અગર તો બગડી ગયેલા ઓળખપત્રને બદલે બીજું 'ડુપ્લીકેટ' ઓળખપત્ર મોકલવામાં આવશે. પ્રથમ મોકલવામાં આવેલ ઓળખપત્ર રદ ગણવામાં આવશે તેથી પ્રથમ ઓળખપત્રને આધારે કોઈપણ સંજોગોમાં મતદાન કરવા દેવામાં આવશે નહિં.

૧૦. કોલેજોના શિક્ષકોનો મતદાર વિભાગ, કોલેજોના આચાર્યોનો મતદાર વિભાગ તથા યુનિવર્સિટી અને કોલેજોના બિન–શિક્ષક વર્ગના કર્મચારીઓના મતદાર વિભાગના મતદારોનું ધ્યાન આ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ –૭, ૮ અને ૧૩ ની જોગવાઈ તરફ દોરવામાં આવે છે.

૧૧. મતપત્રો મતદાન મથકો પર ચૂંટણીના દિવસે ૧૧–૦૦ વાગ્યાથી સાંજના ૫–૦૦ વાગ્યા સુધી મતદારોને આપવામાં આવશે. સદર ચૂંટણીઓ ગુપ્ત મતદાનથી નીચે જણાવેલ મતદાન સ્થળોએ થશે.

(૧) શ્રી એન્ડ શ્રીમતિ પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ–૩૮૪૨૬૫, જિ.પાટણ. (૨) જેઠીબા કે. પટેલ આર્ટસ કોલેજ અને બી.એ. પટેલ એન્ડ ડી.બી.વ્યાસ કોમર્સ કોલેજ, ચાણસ્મા–૩૮૪૨૨૦, જિ.પાટણ (૩) સૈફી જયુબીલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સિધ્ધપુર–૩૮૪૧૫૧,જિ.પાટણ (૪) શ્રી ટી.એ. ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુર–૩૮૫૩૪૦, જિ.પાટણ(૫)મ્યુ.આર્ટસ એન્ડ અર્બન બેંક સાયન્સ કોલેજ, મહેસાણા–૪૮૪૦૦૨, જિ.મહેસાણા (૬) શ્રીમતી એ.એસ.ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમસાયન્સ કોલજ, મહેસાણા, જિ.મહેસાણા (૭) શ્રી બી.પી.બી. આર્ટસ એન્ડ એમ.એચ.ગુરૂ કોમર્સ કોલેજ, ઉંઝા–૩૮૪૧૭૦ જિ.મહેસાણા (૮) સી.એન.આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડી–૩૮૨૭૧૫, જિ.મહેસાણા (૯) ધી ખેરાલુ ના.સ.બેંક લી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુ–૩૮૪૩૨૫, જિ.મહેસાણા (૧૦) સરકારી આર્ટસ કોલેજ,બેચરાજી,જિ.મહેસાણા (૧૧) શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કોલેજ, વિજાપુર–૩૮૨૮૭૦, જિ.મહેસાણા (૧૨) એમ.એન.કોલેજ, વિસનગર–૩૮૪૩૧૫, જિ.મહેસાણા (૧૩) જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ,પાલનપુર–૩૮૫૦૦૧, જિ.બનાસકાંઠા (૧૪) ડી.એન.પી. આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા–૩૮૩૩૧૦ જિ.બનાસકાંઠા (૧૫) શ્રી અંબાજી આર્ટસ કોલેજ, અંબાજી (કુંભારીયા)–૩૮૫૧૧૮,જિ.બનાસકાંઠા (૧૬) કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, (શ્રીમતી કે.કે.શાહ આર્ટસ અને શ્રીમતી એલ.બી.ગુંજારીયા કોમર્સ કોલેજ), થરા–૩૫૫૫૫૫, જિ.બનાસકાંઠા (૧૭) ધી એચ.એન.એસ.બેંક લી. સાયન્સ કોલેજ, હિંમતનગર–૩૮૩૦૦૧, જિ.સાબરકાંઠા (૧૮) ઈડર એ.પી.એચ.કે.એમ. આર્ટસ એન્ડ પી.એન. પટેલ કોમર્સ કોલેજ ઈડર–૩૮૩૪૩૦, જિ.સાબરકાંઠા (૧૯) ડી.ડી.ઠાકર આર્ટસ એન્ડ કે.જે.પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહમા–૩૮૩૨૫૫, જિ.સાબરકાંઠા (૨૦) શ્રીમતી.એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પ્રાંતિજ–૩૮૩૨૦૫, જિ.સાબરકાંઠા (૨૧)શેઠ એચ.પી. આર્ટસ એન્ડ તલોદ સહકારી મંડળી કોમર્સ કોલેજ,તલોદ,જિ.સાબરકાંઠા (૨૨) આર્ટસ કોલેજ, વિજયનગર–૩૮૩૪૧૫, જિ.સાબરકાંઠા (૨૩) ધી ધનસુરા પીપલ્સ કો.ઓ.બેક.લી. આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરા–૩૮૩૩૧૦, જિ.અરવલ્લી (૨૪) આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભિલોડા–૩૮૩૩૫૫, જિ.અરવલ્લી (૨૫) સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મેઘરજ–૩૮૩૩૫૦ જિ.અરવલ્લી (૨૬) સર પી.ટી. સાયન્સ કોલેજ, મોડાસા–૩૮૩૩૧૫,જિ.અરવલ્લી (૨૭) આર્ટસ કોલેજ, શામળાજી–૩૮૩૩૫૫ જિ.અરવલ્લી

આદેશથી

સ્થળ : પાટણ
ડૉ.આર.એન.દેસાઈ

તારીખઃ ૧૬/૧૧/૨૦૨૨
કા.કુલસચિવ